**મહે. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૧૬૮૬૯/૨૦૧૮**
**જૂનો ફોજદારી કેસ નં.૨૨૮૫/૯૮**

**ફરિયાદી :-** **કારખાના નિરીક્ષકશ્રી, અમદાવાદ.**

**: વિરૂધ્ધ :**

**આરોપી :-** **શ્રી ભભુતમલ અન્નાજી જૈન,**
**મહાવીર સર્કલ કટીંગ વર્કસ,**
ઠે.૧૮, રવી ઈન્ડ. એસ્ટેટ, અંબીકાનગર, ઓઢવ, અમદાવાદ.

**ગુન્હો :-કારખાના ધારા ૧૯૪૮ ની કલમ ૯૨ મુજબ.**

**-: આંક-૧ નીચે હુકમ :-**

**(૧)** હાલનો ફોજદારી કેસ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ કોર્ટ અમદાવાદ તરફથી લેબર કોર્ટ અમદાવાદને તબદીલ કરવામાં આવેલ છે, જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે. ઉપરોકત કેસની ફરીયાદ કારખાના નિરીક્ષક ધ્વારા જે તે વખતે સબંધિત મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ સમક્ષ ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦ (૧) (એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા સબંધિત કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

**(૨)** ત્યારબાદ હાલનો કેસ અત્રેની કોર્ટમાં તબદીલ થતા આરોપીને સમન્સ ઈસ્યુ કરેલ. જે સંદર્ભે ઓઢવ પોલીસ સ્ટેશનના અ.પો.કો.એ સદર સરનામે સમન્સ બાબતે તપાસ કરતાં મુકેશ ભભુતમલ જૈન નાઓ મળતા જણાવેલ કે, સદર સમન્સમાં દર્શાવેલ ભભુતમલ જૈન તેમના પિતાશ્રી છે, જેઓ તા.૧૭-૭-૦૫ ના રોજ કુદરતી મરણ ગયેલ છે, જે બાબતે તેઓના પિતાશ્રીની મરણના દાખલાની ઝેરોક્ષ નકલ સામેલ રાખી સમન્સ પરત કરેલ છે, અને સમન્સની સાથે તેઓએ સદર કામના આરોપી ભભુતમલ જૈન ગુજરી ગયા અંગેનું તા.૧૭-૭-૦૫ નું મરણનું પ્રમાણપત્ર રજુ રાખેલ છે. તે સંજોગોમાં ઉપરોકત મરણનું પ્રમાણપત્ર ધ્યાને લેતાં આ કામના આરોપી મૃત્યુ પામેલ હોઈ, જેથી તેમની સામેનો હાલનો ફોજદારી કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવે છે અને તે મુજબ હાલનો કેસ ફેંસલ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૩/૦૭/૨૦૧૯ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૩ -૦૭-૨૦૧૯
સ્થળ : અમદાવાદ.

**(પરવેઝઅહેમદ અલીમોહંમદ માલવીયા)**
**CODE : GJ00837**
**એડિશ્નલ ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

J.B.KUNJERA,P.A.